©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII] TUESDAY, 29th SEPTEMBER, 2026/ASHVINA 07, 1948 [No. 7718**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**


## અધિસૂચન

### ઉમરગામ વિસ્તાર વિકાસ સત્તામંડળની દ્વિતીય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજના - ૨૦૪૫

### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૩(૧) હેઠળ

### તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૫ અન્વયે

નં.:નપા/ઉમરગામ/દ્વિતીય રિવાઈઝ ડી.પી./અધિસૂચન/૬૬૮/૨૦૨૬ - ઉમરગામ વિસ્તાર વિકાસ સત્તામંડળ, ઉમરગામની બોર્ડ બેઠકના ઠરાવ નં.૩૪૦, તા.૦૫/૦૮/૨૦૨૫થી મળેલ બહાલી અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૯(૧) હેઠળ સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ ઉમરગામ વિસ્તાર વિકાસ સત્તામંડળની દ્વિતીય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૪૫ અંગે તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૩(૧) હેઠળ સત્તામંડળ જાહેર નોટીસ આપે છે કે દ્વિતીય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૪૫ની દરખાસ્તો તથા અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ અધિસૂચના ગુજરાત સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે (૨) માસની નિયત સમય મર્યાદામાં કોઈપણ જમીન માલિક, રહેવાસી, સંસ્થા અથવા હિતસંબંધિત વ્યક્તિ મુસદ્દારૂપ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૫ની દરખાસ્તો, નકશાઓ તથા અહેવાલ અંગેના પોતાના વાંધા અથવા સૂચનો લેખિતમાં ચાર (૪) નકલમાં આધાર-પુરાવા સહિત ઉમરગામ વિસ્તાર વિકાસ સત્તામંડળને રજૂ કરી શકશે. નિયત સમય મર્યાદામાં પ્રાપ્ત થયેલ વાંધા-સૂચનો ઉપર સત્તામંડળ તેના અભિપ્રાયો તૈયાર કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૬ હેઠળ સરકારશ્રીને આખરી મંજૂરી માટે રજૂ કરશે.

**અનુસૂચિ:-**

(૧) દ્વિતીય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજના તૈયાર કરવા માટે કરવામાં આવેલ હયાત જમીન વપરાશ સર્વેની વિગતો દર્શાવતા નકશાઓ (હયાત જમીન વપરાશ નકશો) તથા વિકાસ યોજનામાં આવરી લેવાયેલ વિસ્તારની જમીનોના સૂચિત ઉપયોગની વિગતો દર્શાવતા નકશાઓ (સૂચિત જમીન વપરાશ નકશો).

(૨) દ્વિતીય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજનાના બેઝમેપ, નકશા, ચાર્ટ તથા વિકાસ યોજનાની વિગતો સમજાવતો અહેવાલ.

(૩) સત્તામંડળની બોર્ડ બેઠકના ઠરાવ તથા મુખ્ય નગર નિયોજકશ્રી તરફથી પ્રાપ્ત પરામર્શ અને તેની પુર્તતાની વિગતો.

ઉપરોક્ત તમામ સાહિત્ય ઉમરગામ વિસ્તાર વિકાસ સત્તામંડળ, ઉમરગામ, જિલ્લા વલસાડ ની કચેરીએ રવિવાર તથા જાહેર રજાઓ સિવાય કચેરીના સમય દરમિયાન જાહેર જનતાને નિરીક્ષણ માટે ખુલ્લું મૂકવામાં આવેલ છે.

**નં. : નપા/ઉમરગામ/દ્વિતીય રિવાઈઝ ડી.પી./અધિસૂચન/૬૬૮/૨૦૨૬**

**તા.** ૨૩-૦૯-૨૦૨૬

**સ્થળ:** ઉમરગામ, ગુજરાત રાજ્ય

**સહી/- અવાચ્ય**
મુખ્ય અધિકારી
ઉમરગામ વિસ્તાર વિકાસ સત્તામંડળ
ઉમરગામ

**કચેરીનું સરનામું :**

ઉમરગામ નગરપાલિકાની કચેરી,
મુ.પો. ઉમરગામ,
જિ. વલસાડ-૩૯૬૧૭૦
(i) Telephone No.: (૦૨૬૦) ૨૫૬૪૧૩૨
(ii) E-mail: np_umargam@yahoo.co.in
(iii) Mobile No.: (+૯૧) ૭૩૭૬૨-૦૯૯૨૫

---



Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.09.30 13:03:23 IST